**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા**
**પોસ્ટ બોક્ષ નં.૦૧, હાઈવે રોડ, મહેસાણા -૩૮૪૦૦૨(ગુજરાત)**
**ફોન : ૦૨૭૬૨ – ૨૫૩૨૦૧ ફેક્સ :૦૨૭૬૨ - ૨૫૩૪૨૨**

**"માલ સામાન પરિવહન" માટે ૧૦/૧૨ મેટ્રિક ટન ક્ષમતા તેમજ ૨૦૧૫ કે તે પછીના મોડલ વાળી બંધ /ખુલ્લી બોડીની ટ્રક/આઈસરની જરૂરીયાત અંગે જાહેરનામું**

સવિનય જણાવવાનું કે, "મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા" ને તેના એકમ દૂધસાગર ડેરી – મહેસાણા ખાતે થી સંઘના અન્ય એકમ (૧)પશુ સંવર્ધન કેન્દ્ર – જગુદણ , (૨) સાગરદાણ ફેક્ટરી – જગુદણ (૩) સાગરદાણ ફેકટરી – ઉબખલ કે સુચના મુજબ અન્ય એકમ ખાતે માલસામાન પરિવહન માટે ૧૦ /૧૨ મેટ્રિક ટન ક્ષમતા, ૨૦૧૭ કે તે પછીના મોડલ વાળી બંધ/ખુલ્લી બોડી ૦૭ ફૂટ ઊંચાઈ અને ૦૪ ફૂટ પહોળાઈ તેમજ પાછળ ની બાજુએ દરવાજા વાળી ટ્રક (ડબ્બો /કન્ટેનર) નો ડ્રાઈવર સાથે ૦૨ વર્ષનો પરિવહન કોન્ટ્રાક્ટ આપવાનો હોઈ, સદરહુ કામગીરીમાં રસ તેમજ ઉપરોક્ત સુચન મુજબની ૧૦/ ૧૨ મેટ્રિક ટન કેપેસીટીની બંધ/ખુલ્લી બોડીની ટ્રક (ડબ્બો /કન્ટેનર) ધરાવતા ટ્રાન્સપોર્ટરો પાસેથી આ સાથે સામેલ ફોર્મેટમાં બંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે. બંધ કવર પર **"માલસામાન પરિવહન માટે ૧૦/૧૨ મેટ્રિક ટન ક્ષમતા વાળી ટ્રક/આઈસરના ડ્રાઈવર સાથેના ભાવ**"તેમ લખવું. ભાવપત્રક સાથે ટેન્ડર ફી પેટે રૂ.૧૧૮૦/- તેમજ ટેન્ડર ઈ.એમ.ડી. રૂ.૫૦,૦૦૦/- ના "મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ"., મહેસાણાના નામના બન્ને ડીમાન્ડ ડ્રાફ્ટ જોડવાના રહેશે.

સદર કામગીરી અંગેનું ટેન્ડર સંઘની ડેરી વેબસાઈટ **www.dudhsagardairy.coop** ઉપરથી તા.૧૫.૦૪.૨૦૨૬ ને સવારે ૧૧:૦૦ કલાકે ડાઉનલોડ કરી શકાશે. તા.૨૫.૦૪.૨૦૨૬ ના રોજ ૧૭:૦૦ કલાક સુધી ભાવપત્રક ભરી દૂધસાગર ડેરી, મહેસાણા ખાતે જમા કરાવવાનું રહેશે. કોઈપણ ભાવપત્રકને કોઈપણ જાતનું કારણ આપ્યા સિવાય મંજુર અથવા નામંજુર કરવાનો તથા નેગોશીએશન કરવાનો અબાધિત અધિકાર સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરશ્રીને રહેશે.

**તા.૧૪ .૦૪.૨૦૨૬**

**ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર**
**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા**

નં.એડમીન/

તા. ૧૪.૦૪.૨૦૨૩

નોટીસ બોર્ડ : ઓફીસ / ડેરી / ફેક્ટરી

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. દૂધસાગર ડેરી,મહેસાણા – ૩૮૪૦૦૨

**“સ્ટોર્સ ખાતે માલસામાન પરિવહન” ની કામગીરીના કોન્ટ્રાક્ટ અંગેનું જાહેરનામું**

**કોન્ટ્રાક્ટનો સમયગાળો :-** તા.૦૧.૦૫.૨૦૨૬ થી તા.૩૦.૦૪.૨૦૨૮ સુધીનો રહેશે

**ટેન્ડર ફી** રૂ.૧૧૮૦/-(જી.એસ.ટી સાથે નોન રીફંડેબલ)

**ટેન્ડર ઈ.એમ.ડી.** રૂ.૫૦,૦૦૦/-

(ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થતાં પરત કરવામાં આવશે.)

(ટેન્ડર સાથે“Mehsana District Co Operative Milk Producer’s Union Ltd. – Mehsana નામના ઉપરોક્ત બન્ને ડીમાન્ડ ડ્રાફ્ટ જોડવાના રહેશે.)

- ટેન્ડર ફોર્મ સંઘની વેબસાઈટ www.dudhsagardairy.coop પરથી તારીખ /સમય :- **તા.૧૫.૦૪.૨૦૨૬** સવારે ૧૧:૦૦ કલાકેથી મેળવી શકાશે.
- ટેન્ડર ભાવ ભરેલી કોપી દૂધસાગર ડેરી, મહેસાણા ખાતે જમા કરવાની છેલ્લી તારીખ/સમય : **તા.૨૫.૦૪.૨૦૨૬ બપોરે ૧૭:૦૦ કલાકે**

## **મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા**

### **(માલસામાન પરિવહનની કામગીરીનું ભાવપત્રક)**

| **૧૦/૧૨ મેટ્રિક ટન કેપેસીટી વાળા ટ્રક/આઈસર મારફત સંઘના અન્ય એકમો ખાતે ફકત માલસામાન પરિવહન કામગીરીના ભાવ** | | | |
|---|---|---|---|
| ક્રમ નં . | કામની વિગત | **અંદાજીત કી.મી.** | **પ્રતિ ટ્રીપ ભાવ** |
| ૧ | દૂધસાગર ડેરી ,મહેસાણા ખાતે થી પશુ સંવર્ધન કેન્દ્ર – જગુદણ ખાતે દવાઓ , કેન , નાઈટ્રોજન સિલેન્ડર કે અન્ય માલસામાન પરિવહન કામગીરીના ભાવ બધું મળીને .... | ૨૬ | |
| ૨ | દૂધસાગર ડેરી ,મહેસાણા ખાતે થી સાગરદાણ ફેક્ટરી – જગુદણ ખાતે માલસામાન પરિવહન કામગીરીના ભાવ બધું મળીને . | ૨૮ | |
| ૩ | દૂધસાગર ડેરી ,મહેસાણા ખાતે થી સાગરદાણ ફેકટરી – ઉબખલ માલસામાન પરિવહન કામગીરીના ભાવ બધું મળીને . | ૭૮ | |
| ૪ | દૂધસાગર ડેરી ,મહેસાણા ખાતે થી સૂચિત અન્ય જગ્યાએ માલસામાન પરિવહન કામગીરીના ભાવ બધું મળીને. | પ્રતિ કિલોમીટર ભાવ | |

**પરિવહન કામગીરી માટે ડીઝલના પ્રવર્તમાન (૧૩.૦૪.૨૦૨૬) એવરેજ ભાવ રૂ. ૯૦.૩૦/- પ્રતિ લીટર મુજબ ભાવ ભરવાના રહેશે.**

**એવરેજ પ્રતિ લીટર ૫ કી.મી. ગણતરીમાં લેવી**

પાર્ટીનું નામ :.........................................................................................

સરનામું :.........................................................................................

મોબાઈલ નં.........................................................................................

મહેસાણા ડેરીમાં પાર્ટીનો વેન્ડર નંબર હોયતો :........................................................

**નોધ** :- વાહનની રજીસ્ટ્રેશન બુકની નકલ , વીમા પોલીસીની નકલ ,પરમીટ કોપી ,

ફીટનેશ સર્ટીફીકેટની નકલ ,પી.યુ.સી. ફૂડ લાઈસન્સ ની નકલ ટેન્ડર સાથે ફરજીયાત જોડવાની રહેશે.

પાર્ટીના સહી –સિક્કા

**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા**

**કામગીરીની શરતો**

૧. આ શરતો મહેસાણા "સ્ટોર્સ વિભાગ" માટેના માલસામાન પરિવહન ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટની શરતો તરીકે ઓળખાશે. જ્યાં – જ્યાં 'સંઘ' શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે ત્યાં – ત્યાં "મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.," - મહેસાણા સમજવું તેમજ 'ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરશ્રી' એટલે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા નાં ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરશ્રી' કંપની /કોન્ટ્રાક્ટરશ્રી/ટ્રાન્સપોર્ટરશ્રી એટલે કોન્ટ્રાક્ટમાં મુકેલ ટ્રક (વાહન)ના માલિક કે કંપની સમજવાનું રહેશે.

૨. **ભાગીદારી પેઢી :** ભાગીદારી પેઢીના નામે કોઈ ટેન્ડર ભર્યું હશે તો ટેન્ડર રજુ કરતી વખતે ભાગીદારી લેખની ખરી નકલ તથા ભાગીદારીના પૂર્ણ નામ – સરનામાની વિગત રજુ કરવાની રહેશે. ભાગીદારી પેઢી વતી જે વ્યક્તિને અધિકાર આપવામાં આવ્યો હશે તે વ્યક્તિ સાથે જ સંઘ તમામ વ્યવહાર કરશે. તે સિવાય બીજી કોઈ વ્યક્તિ સાથે વ્યવહાર કરવામાં આવશે નહિ. કોન્ટ્રાક્ટ સમયગાળા દરમ્યાન ભાગીદારીના પેઢીના માળખામાં જો કોઈ ફેરફાર થાય તો તેની લેખિત જાણ દિન – 03 માં સંઘને કરવાની રહેશે અને જરૂર પડે નવો ભાગીદારી લેખ અગર ભાગીદારી છૂટી કરવાનો લેખ અગર બીજા લેખો જે થયા હોય તેની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. વ્યક્તિગત નામે ટેન્ડર ભરવામાં આવેલ હશે તો તેજ વ્યક્તિના સહી – સિક્કા ચાલશે.

3. **સદર કામગીરી નો સમયગાળો** : કામગીરી શરૂ કર્યા તારીખ ૦૧.૦૫.૨૦૨૬ થી ૩૦.૦૪.૨૦૨૮ સુધી ૦૨ વર્ષનો રહેશે, પરંતુ કોન્ટ્રાક્ટના સમય દરમ્યાન આપને સોંપેલ માલસામાન પરિવહનની કામગીરી અસંતોષકારક જણાતાં કોઈપણ સમયે, વગર નોટીસે તાત્કાલિક અસરથી કોન્ટ્રાક્ટ રદ કરવાનો સંઘને અબાધિત અધિકાર રહેશે. આવા સંજોગોમાં સંઘ તરફથી આપને કોઈ વળતર કે રકમ ચુકવવામાં આવશે નહિ. જરૂર પડે વધુ સમય માટે બન્ને પક્ષોની સમંતિથી મુદત લંબાવવામાં આવશે .

૪. **કામગીરી કરવા અંગે સુચન** : સદર કામગીરી સ્ટોર્સ અધિકારીની સુચના અનુસાર કરવાની રહેશે.

૫. **વાહનનું મોડલ :** સંઘની માલસામાન પરિવહનની કામગીરીમાં મુકવાની થતી ટ્રક/આઈસર નું મોડલ ૨૦૧૭ કે તે પછીનું હોવું જોઈએ તેમજ ૦૭ ફૂટ ઊંચાઈ અને ૦૪ ફૂટ પહોળાઈ તેમજ પાછળ ની બાજુએ દરવાજા વાળી ટ્રક /આઈસર /કન્ટેનર ખુલ્લી બોડીમાં હોવું જરૂરી છે.

૬. **ટ્રકની ક્ષમતા** : ટેન્ડર અનુસંધાન ૧૦/૧૨ ટન ટ્રકની ક્ષમતા મુજબ મળેલ પરિવહન કામગીરીના ઓર્ડર મુજબની ટ્રક /આઈસર કામગીરીમાં લગાવાની રહેશે. સંઘ દ્વારા ટ્રકની આર.ટી.ઓ. પાર્સિંગ કેપેસીટી કરતાં વધારે વજન ભરી આપવામાં આવશે નહિ. જરૂર પડે ટ્રકની બોડીમાં નહીવત સુધારા કરવાના થાય તો તે સ્ટોર્સ અધિકારીની સુચના મુજબ કરવાના રહેશે.

 પાર્ટીના સહી –સિક્કા

૭. **<u>ટ્રકના જરૂરી કાગળો :</u>** ટ્રક /આઈસર ના જરૂરી કાગળો (વાહનની રજીસ્ટ્રેશન બુકની નકલ , વીમા પોલીસીની નકલ ,પરમીટ કોપી ,ફીટનેશ સર્ટીફીકેટની નકલ ,પી.યુ.સી., ની નકલ)ની કોપી તેમજ ખાદ્ય સામગ્રીના પરિવહન માટે આપની ટ્રક યોગ્ય છે તે અંગેનું સરકાર માન્ય ફૂડ સર્ટીફિકેટ (ફસાઈ લાઈસન્સ) મેળવી સંઘમાં જમા કરવાનું રહેશે. તેમજ જો કોઈ કાગળની સમય મર્યાદા પૂર્ણ થતી હોય તો તે જરૂરી શાખા / ઓથોરીટી પાસેથી રીન્યુ કરી તેની કોપી સંઘમાં ફરજીયાત જમા કરાવવાની રહેશે. જો આમાં કસૂર થશે તો કોઈ કાયદાકીય કાર્યવાહી કે દંડ થશે તો તેની જવાબદારી આપના શિરે રહેશે. સંઘની કોઈ જવાબદારી રહેશે નહિ. તેમજ સંઘ સદર કોન્ટ્રાક્ટ રદ કરી ડીપોઝીટની રકમ જપ્ત લઇ શકશે .

૮. **<u>કામગીરીનો સમય :</u>**

(૧) **૧૨ : ૦૦ કલાક ની કામગીરી માટે** સ્ટોર્સ અધિકારીની સુચના મુજબ સવારે ૦૮:૦૦ કલાક થી સાંજના ૨૦:૦૦ કલાક સુધીનો રહેશે.

(૧) **૨૪ : ૦૦ કલાક ની કામગીરી માટે** સ્ટોર્સ અધિકારીની સુચના મુજબ સવારે ૦૮:૦૦ કલાક થી બીજા દિવસ સવારે ૦૮:૦૦ કલાક સુધીનો રહેશે.

૯. **<u>સંઘના માલસામાનનું પરિવહન :</u>** અમારા સ્ટોર્સ અધિકારીની સુચના પ્રમાણે આપના ટ્રક/આઈસર માં ૨૫ કિલો પાઉડરની ભરેલી બેગો /યુ.એચ.ટી. દૂધ ભરેલ બોક્ષ /ઘી કાર્ટુન કે ટીનમાં / ખાંડની બોરીઓ (કટ્ટા)/મીઠું /સ્ક્રેપ કે સંઘની કામગીરીને સલંગ્ન અન્ય માલસામગ્રી લોડીંગ થયા બાદ દૂધસાગર ડેરી ખાતે અંદરો – અંદર નિયત જગ્યાએ અનલોડીંગ કરવા આપની ટ્રક લગાવાની રહેશે. ઉપર સૂચિત સંઘના અન્ય એકમો ખાતે માલસામગ્રી (પાવડર / ખાંડ /કે અન્ય માલસામગ્રી) ટ્રાન્સફર કરવાની થાય તો તે પરિવહનની કામગીરી સંઘના નીતિ – નિયમ તેમજ ટેન્ડરની શરતોને આધીન રહીને કરવાની રહેશે. દૂધસાગર ડેરી – મહેસાણા થી મોકલેલ માલસામાન(પાવડર / ખાંડ /મીઠું /સ્ક્રેપ કે અન્ય માલસામગ્રી ) ઉપર સૂચિત એકમ ખાતે પહોચતી થયેલ છે અને તે મુજબ માલસામાન મળેલ છે તે અંગેની પહોંચ અવશ્ય મેળવી, માલ જ્યાંથી ભરેલ હોય ત્યાં ડેરીના નીતિ – નિયમ મુજબ જમા કરાવવાની જવાબદારી કોન્ટ્રાક્ટર તરીકે આપની રહેશે.

૧૦. **રાત્રી રોકાણ :** કોન્ટ્રાક્ટમાં મુકવામાં આવેલ ટ્રક ને ડેરીમાં રાત્રી રોકાણ (ડ્રાઈવર સાથે) માટેની છુટ – છાટ આપવામાં આવશે. અલગથી કોઈ વ્યવસ્થા સંઘ દ્વારા કરવામાં આવશે નહિ.

૧૦. **<u>કોન્ટ્રાક્ટ અંગે આપની જવાબદારી :</u>**

(૧) આપની ટ્રક/આઈસર હંમેશા સ્વચ્છ હોવી જોઈએ, ટ્રકની બોડી તેમજ કેબીનને જરૂરી કલરકામ પણ નિયત સમયમાં કરાવવાનું રહેશે અને આર.ટી.ઓ.ના નિયમ અનુસાર વાહનનું ફિટનેસ સર્ટીફીકેટ મેળવી લેવાનું રહેશે અને સંઘમાં જમા કરવાનું રહેશે.

(૨) સદર કામગીરી સાથે સંકળાયેલ આપના ટ્રક ડ્રાઈવરના અકસ્માત, બીમારી, વીમા ની તમામ જવાબદારી આપની રહેશે. સંઘની કોઇજ પ્રકારની જવાબદારી રહેશે નહિ.

(૩) કોન્ટ્રાક્ટમાં મુકેલ વાહન થી કે આપના કોન્ટ્રાક્ટમાં રોકેલ માણસો (ડ્રાઈવર) થી સંઘની મિલ્કતો કે અન્ય કોઈના જાન કે માલને નુકશાન થશે તો તે અંગેની તમામ જવાબદારી

આપની (કોન્ટ્રાક્ટર) રહેશે. આવા સંજોગોમાં જો કોઈ ફોજદારી કે દીવાની જવાબદારીઓ ઉભી થાય તો તે અંગે સંઘની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૪) આપના કોન્ટ્રાક્ટમાં રોકેલ કામદાર, ડ્રાઈવર, કંડકટર, કે ક્લીનર વિગેરેની `નિમણુંક સરકારશ્રીના ધારા – ધોરણ મુજબ કરવાની રહેશે, તેમજ તેમને ચુકવવામાં આવતા વેતન તથા હક્ક – હિસ્સાની સંપૂર્ણ જવાબદારી ઇજારદાર(કોન્ટ્રાક્ટર) તરીકે આપની રહેશે.

(૫) આપના વાહન ઉપર રોકાયેલ ડ્રાઈવરનો પગાર, પી.એફ., રજાઓ, બોનસ, વિગેરેની લેબર કોન્ટ્રાક્ટના કાયદાઓ મુજબની જવાબદારી આપના શીરે રહેશે. સદર રકમ કોન્ટ્રાક્ટર તરીકે આપ કોઈપણ કારણોસર / સંજોગોવસાત ભરવામાં નિષ્ફળ જશો તો આપના બીલમાંથી અથવા ડીપોઝીટમાંથી તેટલી રકમ કપાત કરી કાયદેસર રીતે સંઘ સરકારી ખાતામાં ભરી શકશે., અને આ બાબતમાં આપ (કોન્ટ્રાક્ટર) કોઈપણ જાતનો વાંધો લઇ શકશો નહિ,તેમજ આપના કોન્ટ્રાક્ટને અનુલક્ષી ભવિષ્યમાં પણ આ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે.

(૬) આપનું વાહન રસ્તામાં ખોટવાઈ જાય અથવા બ્રેકડાઉન થાય ત્યારે જેતે વખતે તેમાં ભરેલ માલસામાન નિયત સમયમાં જે તે બતાવેલ સ્થળે પહોચાડવાનો રહેશે. આવા સંજોગોમાં માલસામાનને નુકશાન ન થાય તે રીતે સંપૂર્ણ જવાબદારીપૂર્વકની કામગીરી નિયત સમયમાં કરવાની રહેશે. આપની નિષ્કાળજીના કારણે માલસામાનને નુકશાન થશે તો નુકશાનીની રકમ તમારા બીલ /ડીપોઝીટની રકમમાંથી વસુલ લેવામાં આવશે.

## ૧૧. <u>સીક્યુરીટી ડીપોઝીટ, ટ્રાન્સફર ફી, બીલ પેમેન્ટ વિગેરે અંગે:</u>

(૧) **સિક્યુરિટી ડીપોઝીટ** : જે ટ્રાન્સપોર્ટરનું ટેન્ડર મંજૂર થશે તેનો ટેન્ડર ઈ.એમ.ડી. પેટે આવેલ રૂપિયા ૫૦૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ સિક્યુરિટી ડીપોઝીટ પેટે સંઘમાં જમા લેવામાં આવશે. સદર રકમ સંઘમાં વ્યાજ મુક્ત જમા રહેશે, જે કામગીરી સંતોષકારક પૂર્ણ કર્યેથી જરૂરી કાગળો સાથે આપની લેખિત માગણી આવતાં ૦૨ મહિનાની અંદર પરત કરવામાં આવશે.

(3) **ભાડું :** ૧૨ /૨૪ કલાકનું ભાડું જે તે મહિનામાં ટ્રકના વપરાશ થયા મુજબ ચુકવવામાં આવશે. સૂચિત એકમો માટે પ્રતિ ટ્રીપ મુજબ તેમજ અન્ય જગ્યાએ સુચનાથી જવાથી પ્રતિ કિલોમીટર મુજબ ભાડું ચુકવવામાં આવશે.

(3) **કોન્ટ્રાક્ટ ટ્રાન્સફર /પેટા કોન્ટ્રાક્ટ અંગે** : સદર ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટ આપ કોઈના નામે બદલી શકશો નહી કે અન્ય કોઈને પેટા કોન્ટ્રાક્ટ આપી શકશો નહી. આમ થયેલ માલુમ પડશે તો આપને સોંપેલ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટ સંઘ તાત્કાલિક અસરથી રદ કરી સંઘમાં



પાર્ટીના સહી –સિક્કા

જમા આપની ડીપોઝીટ અને બીલની રકમ જપ્ત લઇ શકશે. સંઘ હિત અને કામગીરીની અગત્યતાને ધ્યાનમાં લઇ સંઘ યોગ્ય નિર્ણય લઇ શકશે.

(૪) **ટેક્ષ:** ઇન્કમટેક્ષ અથવા કોઈપણ ટેક્ષ, આપના ભાડાના બીલમાંથી સરકારશ્રીના કાયદા મુજબ કપાત કરીને જ આપના બીલનું પેમેન્ટ કરવામાં આવશે.

(૫) **બીલ પેમેન્ટ** : કરેલ કામગીરીનું માસિક બીલ ડુપ્લીકેટમાં મુકવાનું રહેશે, જેનું પેમેન્ટ બીલ મળ્યા તારીખ થી ૧૫ દિવસમાં ચુકવવામાં આવશે.

૧૨. **પરિવહન દરમ્યાન માલસામાનની નુકશાની:**

(૧) માલસામાન પરિવહન દરમ્યાન માલસામાનને કોઈપણ પ્રકારનું નુકશાન થશે તો તેની નુકશાની પેનલ્ટી સાથે આપની પાસેથી વસુલ કરવામાં આવશે. ચોમાસાને ધ્યાનમાં લઇને માલસામાનની સેફ્ટી માટે તાડપત્રી ઈત્યાદીની વ્યવસ્થા આપે (કોન્ટ્રાક્ટરે) ફરજીયાત કરવાની રહેશે.

(૨) **કુદરતી કે અનિવાર્ય સંજોગોમાં** : આગ, અકસ્માત કે હુલ્લડના કારણે આપની ટ્રકમાં ભરેલ માલસામાન ઢોળાઈ જાય કે વેડફાઈ જાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે. તેમ છતાં આ અંગે જે તે સમય, સ્થળ અને અકસ્માતનો પ્રકાર વગેરે ધ્યાને લઇ જે તે માલસામાનની નુકશાની અંગેનો નિર્ણય સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રી કરશે, જે આપને બંધનકર્તા રહેશે.

૧૩. **સંઘના નીતિ – નિયમો ભંગ થવા બદલ પેનલ્ટી :**

(૧) સંઘ પરિસરમાં આપનું વાહન નિયત ગતિ મર્યાદામાં ચાલવું જોઈએ તેમજ વાહનમાંથી ઓઈલ ટપકતું ન હોવું જોઈએ . જ્યારે આપનું વાહન થોભાવાનું હોય ત્યારે એન્જીન અચૂક બંધ કરવાનું રહેશે નહીતર દંડ પેટે રૂપિયા ૨૦૦/- બિલમાંથી કપાત કરવામાં આવશે.

(૨) કોન્ટ્રાક્ટમાં મુકવામાં આવેલ વાહનને સ્ટોર્સ વિભાગના અધિકારીની અનુકુળતાએ અઠવાડિક રજા આપવામાં આવશે. વર્ષમાં એક વખત મેજર રીપેરીંગ કે અકસ્માતના રીપેરીંગ સારૂ વધુમાં વધુ ૦૪ દિવસની સળંગ રજા આપવામાં આવશે. નવ માસ કે તેનાથી ઓછા સમય માટે વાહનને મેજર રીપેરીંગ કે અકસ્માતની રજાઓ મળશે નહી, પરંતુ જો બદલામાં સંઘની જરૂરીયાત મુજબની ક્ષમતા મુજબ આર.ટી.ઓ. અધિકૃત બીજી ટ્રકની વ્યવસ્થા કોન્ટ્રાક્ટરશ્રી કરશે તો સંઘની મનસુફીએ રજા આપી શકશે.

(૩) કોઈપણ કારણોસર જો વાહન ગેરહાજર રહેશે તો દૈનિક રૂપિયા ૧૦૦૦/- પ્રમાણે દંડ વસુલ કરવામાં આવશે, ઉપરાંત સંઘ તરફથી બીજા વાહનની વ્યવસ્થા કરાયેલ હશે તો તેવા વાહનનો થયેલ તમામ ખર્ચ કોન્ટ્રાક્ટરશ્રી પાસેથી વસુલ લેવામાં આવશે.

(૪) કોન્ટ્રાક્ટમાં મુકેલ વાહન મહિનામાં બે કે વધુ વખત બગડશે અથવા સુચવેલ રીપેરીંગ કરવામાં નહી આવે તો કોન્ટ્રાક્ટ રદ કરવાનો સંઘને અધિકાર રહેશે, અને તે માટે થતી નુકશાની વસુલ લેવામાં આવશે. કોન્ટ્રાક્ટરે વાહન રીપેરીંગ કરવા માટે સંઘની અગાઉથી લેખિત માગણી કરી મંજુરી મેળવી હશે તેવા કિસ્સામાં ઉપર જણાવેલ રજાઓ આપવાનો સંઘના સબંધિત ખાતાના અધિકારીને રહેશે. અગાઉથી લેખિત માગણી સિવાય રીપેરીંગ કામ માટે માગેલી રજા તથા લેટ માગણી કરેલ રજાની માગણી મંજુર કરવામાં આવશે નહી.

(૫) કોન્ટ્રાક્ટમાં વાહન હાજર કર્યા પછી પરવાનગી સિવાય વાહન બહાર લઇ જઇ શકાશે નહી. વાહન આકસ્મિક સંજોગોમાં બગડશે તો સામાન્ય રીપેરીંગ માટે પંદર દિવસે એક વખત ચાર કલાક વધારાની રજા સબંધિત ખાતાના અધિકારીશ્રીની ભલામણથી આપવામાં આવશે.

(૬) કોન્ટ્રાક્ટ અનુસંધાન આપનું વાહન અને ડ્રાઈવર સવારે ૦૮ : કલાકે અચૂક સુચના મુજબના સ્થળે હાજર રાખવાના રહેશે. લેટ થવાના સંજોગોમાં પ્રતિ કલાકે રૂપિયા ૫૦૦/- દંડ પેટે વસુલ લેવામાં આવશે. તેમજ અનુભવી ડ્રાઈવર રાખવાના રહેશે અને તેઓની પાસે ફરજીયાત ડ્રાઈવિંગ લાઈસન્સ રાખવાનું રહેશે. આમ ન થતાં દરેક કિસ્સામાં રૂપિયા ૧૦૦૦/- કપાત કરવામાં આવશે.

(૭) આપના કોન્ટ્રાક્ટમાં રોકાયેલ ટ્રક ડ્રાઈવરે સંઘના નીતિ - નિયમો તેમજ આઈ.એસ.ઓ. ગાઈડ લાઈનનુંપાલન કરવાનું રહેશે તેમજ સંઘ ની કોઈપણ જાતની મિલકતને નુકશાન ન થાય તેની કાળજી રાખવાની રહેશે. આપના કોન્ટ્રાક્ટમાં રોકાયેલ વાહન થી કે ડ્રાઈવર ની બેકાળજી કે નિષ્કાળજીને લીધે સંઘની કોઈપણ જાતની મિલકતને નુકશાન થશે તો થયેલ નુકશાનની રકમ આપના બિલમાંથી વસુલ કરવામાં આવશે.

(૮) સંઘની પ્રીમાઈસિસમાં સંઘના નીતિ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ આપના લેબરો , ડ્રાઈવરો તેમજ  કલીનરોએ સારી વર્તણુંક રાખવાની રહેશે જેવી કે બીડી - તમાકું, પાન-મસાલા, ગુટખા ,દારૂ,  વિગેરે વ્યસન કરી શકશે નહી અને જો તેમ કરતાં પકડાશે તો સંસ્થાના નીતિ નિયમ મુજબ દંડ વસુલ કરવામાં આવશે.



પાર્ટીના સહી –સિક્કા

(૯) સંઘે નક્કી કરેલ જાહેર રજાના દિવસે પણ કોન્ટ્રાક્ટરે પોતાનું વાહન માલસામાન પરિવહનની કામગીરી માટે મુકવાનું રહેશે. જો આ પ્રામાણે નિયત વાહન નહી મુકવામાં આવે, અગર બતાવેલ કામગીરીમાં જવાની ના પાડવામાં આવશે તો રૂપિયા ૧૦૦૦/- દંડ આપની (કોન્ટ્રાક્ટર) પાસેથી વસુલ લેવામાં આવશે.

(૧૦) સદર કોન્ટ્રાક્ટ દરમ્યાન આપનો ડ્રાઈવર સંઘની કોઈ પેદાશ કે વસ્તુની ચોરી કરતાં પકડાશે તો વસ્તુની કિમંતની દશ ગણી રકમ પેનલ્ટી દંડ પેટે આપના બીલ/ડીપોઝીટમાંથી કપાત કરવામાં આવશે. તેમજ સંઘ ખાતે ચાલતો આપનો કોન્ટ્રાક્ટ રદ કરવા અંગે સંઘને મુખત્યાર રહેશે.

૧૯. <u>**પરિવહનની કામગીરીમાં ભાવ વધારો :**</u> તા.૦૧ થી ૧૫ એપ્રિલ ૨૦૨૬ ના પ્રવર્તમાન ડીઝલના એવરેઝ ભાવ પ્રતિ લીટર ૯૦.૩૦/- ધ્યાનમાં લઇ તે મુજબ ભાવ ભરવાનો રહેશે. ત્યારબાદ કોન્ટ્રાક્ટના સમય દરમ્યાન સરકારશ્રી તરફથી જ્યારે ડીઝલના ભાવમાં વધારો કે ઘટાડો થાય ત્યારે તેની ક્યુમીલીટી ગણતરી કરતાં ૧૫ દિવસની એવરેજમાં તા. ૦૧ થી ૧૫ અને ૧૬ થી ૩૦/૩૧ સુધીની તારીખોમાં રૂ.૧-૦૦ કે તેથી વધુ રકમનો પ્રતિ લીટરના ડીઝલના એવરેજ ભાવોમાં વધારો કે ઘટાડો થશે તો તા.૦૧ કે ૧૬ તારીખથી મુળ ભાવ /રેટના ડીઝલ ભાવમાં ક્યુમીલીટી વધ - ઘટની ગણતરી મુજબ વધ /ઘટ મજરે આપવામાં આવશે.

૨૨. <u>**કોન્ટ્રાક્ટ રદ કરવા અંગે :**</u> આ કોન્ટ્રાક્ટ સંઘ જરૂર પડે ત્યારે કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય રદ કરી શકશે.

૨૩. <u>**કોન્ટ્રાક્ટ સબંધી અથવા શરતોના અર્થઘટન બાબતે :**</u> કોઈપણ મતભેદ ઉપસ્થિત થશે તો સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરશ્રી જે નિર્ણય કરે તે આખરી ગણાશે અને જે આપને બંધનકર્તા રહેશે.

૨૪. <u>**અધવચ્ચે કોન્ટ્રાક્ટ છોડી દેવાના સંજોગોમાં :**</u> સદર કોન્ટ્રાક્ટ આપને આપવામાં આવે અને તમો કોન્ટ્રાક્ટ સમય દરમ્યાન અધવચ્ચે કામ છોડી દેશો તો તમારી સિક્યોરીટી ડીપોઝીટ અને બીલમાંથી કપાત કરવામાં આવેલ ૫% વધારાની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે, જે આપને પરત કરવામાં આવશે નહિ

૨૫. <u>**કાયદાકીય કાર્યવાહી અંગે :**</u> કોન્ટ્રાક્ટ અંગે કાયદેસરની કોઈ કાર્યવાહી કરવી પડે તો, તે માટે મહેસાણાની કોર્ટ કાર્યક્ષેત્ર ગણાશે.

ઉપરોક્ત તમામ શરતો મે/અમે ધ્યાનપૂર્વક સભાન અવસ્થામાં વાંચેલ છે અને તેના પાલન સાથે કોન્ટ્રાક્ટના સમયગાળા દરમ્યાન કામગીરી કરવા બંધાયેલ છું/ છીએ.

સ્થળ :.............................

તારીખ :..........................

નામ:.........................................................

સરનામું:..............................

................................. મોબાઈલ નં.:....................................



પાર્ટીના સહી –સિક્કા